# હિંમતનગરના પોલો ગ્રાઉન્ડ અને મહેતાપુરામાંથી ૩૦ દબાણો દુર કરાયા

## નગરપાલિકાએ જેસીબીની મદદથી દબાણ દુર કરતા દબાણકર્તાઓમાં ફફડાટ

હિંમતનગર, તા. ૨૫

હિંમતનગર નગરપાલિકા દ્વારા બુધવારે વધુ એક વખત દબાણ હટાવ ઝુંબેશનો પ્રારંભ કરીને પોલોગ્રાઉન્ડ અને મહેતાપુરા વિસ્તારમાંથી કાચા પાકા મળી અંદાજે ૩૦થી વધુ દબાણો જેસીબીની મદદથી દુર કરી દેતા આ વિસ્તારમાં આવેલા અન્ય દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાઈગયો છે.

આ અંગે નગરપાલિકાના દબાણ શાખાના સુત્રોના જણાવાયા મુજબ હિંમતનગરના મોટા ભાગના વિસ્તારોમાં રહેતા લોકોએ જાહેર રસ્તા પર અથવા તો પોતાના મકાનોની આગળ મનફાવે તે રીતે તંત્રની મંજુરી લીધા વગર કાચા અને પાકા દબાણો કરીને વર્ષોથી તેનો ઉપયોગ કરી રહ્યા છે. જેને લઈને રસ્તા પૈકીના દબાણો ખુબજ નડતરરૂપ હોવાની બુમો ઉઠવા પામી છે.

દરમ્યાન નગરપાલિકાએ લોકોની ફરીયાદો અને રજુઆતોને ધ્યાને લઈ થોડાક સમય અગાઉ દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરી હતી. પરંતુ ગમે તે કારણસર ચારેક મહીનાથી આ કામગીરી બંધ કરી અને ફરી પાછી દબાણ હટાવવાનું નગરપાલિકાને ઝનુન ઉપડ્યુ હોય તેમ બુધવારે જેસીબી અને પોલીસ બંદોબસ્ત સામે પાલિકાનુ દબાણ હટાવ શાખાના કર્મચારીઓ અને અધિકારીઓ કાફલા સાથે પોલોગ્રાઉન્ડ અને મહેતાપુરા ચાર રસ્તા પર પહોંચી ગયા હતા. જ્યાંથી ઓટલા, પગથીયા, શેડ, લારી ગલ્લાના દબાણો દુર કરી દેવાયા હતા. જેના લીધે પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં મદ્રેસા સ્કૂલ નજીકની સિમનાની સ્ટ્રીટ તથા મહેતાપુરા ચાર રસ્તા વિસ્તારમાં દબાણ કરીને અડીંગો જમાવીને બેઠેલા દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

ઉલ્લેખનીય છે કે નગરપાલિકા દબાણ હટાવની કામગીરી આવકાર્ય છે. પરંતુ નગરપાલિકાએ રોજબરોજ દબાણ કરતા ટાવરરોડના વેપારીઓ તથા લારી ગલ્લાવાળાઓને ખદેડી મુકવા જોઈએ.

જો કે લારી ગલ્લાઓ માટે તંત્રએ વૈકલ્પિક વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવી જોઈએ. શાક માર્કેટમાં પણ દબાણોનો રાફડો ફાટી નિકળ્યો છે. નગરપાલિકાએ ત્યાંથી વગર પરવાનગીએ ઉભા રહીને ભીડ કરતા લારી ગલ્લાવાળાઓને બહાર કાઢી દેવા જોઈએ અને શાક માર્કેટમાં નિયમીત સફાઈ કરાવવી જોઈએ.

## મોતિયા મુક્ત અભિયાન અંતર્ગત દર્દીઓના નિઃશુલ્ક ઓપરેશન કરાયા

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં મોતિયા મુક્તિ અભિયાન અંતર્ગત અંધજન મંડળ ,સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ, ઉદય સેવા સંસ્થાન, ભિલોડાના સેવાભાવી હોદ્દેદારો, કાર્યકરો ધ્વારા વિજયનગર તાલુકાના નલિયાવાડા ગામમાં નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. ૨૮ દર્દીઓને મોતીયો હોઈ તે પૈકી ૧૫ દર્દીઓનું આંખોનું ઓપરેશન બારેજા ખાતે હોસ્પિટલમાં મોતીયાનું ઓપરેશન નિષ્ણાત ડૉક્ટરો ધ્વારા કરાયું હતું. દર્દીઓ ઓપરેશન કરાવીને પરત ફરતા આનંદની લાગણી પ્રસરી છે. મોતિયા મુક્ત અભિયાન અંતર્ગત દર્દીઓના નિઃશુલ્ક ઓપરેશન થઈ રહ્યા હોવાના કારણે જરૂરીયાતમંદ દર્દીઓમાં આનંદની લાગણી પ્રસરી છે.



## મોડાસા શહેરની રહેનુમા સોસાયટી નજીક વીજ ડીપી પર લીલોતરી વૃક્ષમાં ફેરવાઈ

મોડાસા શહેરના ડુગરવાડા રોડ પર આવેલી રહેનુમા સોસાયટી નજીક વીજતંત્રની ઘોર બેદરકારીનો અદમ્ય નમૂનો જોવા મળી રહ્યો છે. સોસાયટીના રહેણાંક વિસ્તારોમાં વીજપુરવઠો પૂરો પાડતી વીજ ડીપી પર વેલાઓ ચઢી જતા ગમે તે ઘડીએ અકસ્માતની ભીતિ સેવાઈ રહી છે. સોસાયટીના રહીશોમાં વીજડીપી પર લાગેલા વેલાઓ ઉતારી લેવામાં આવેની માંગ પ્રબળ બની છે. વીજવેલાથી શોર્ટસર્કિટ પણ ડીપીમાં અનેકવાર થતો હોવાથી તણખલા ઝરતા રહેતા હોવાનું સોસાયટીના લોકોએ જણાવ્યું હતું.

## ભિલોડામાં સ્ટેમ્પ વેન્ડરો ધ્વારા ઈ-સ્ટેમ્પના વિરોધમાં મામલતદારને આવેદનપત્ર અપાયું

ભિલોડા,તા. ૨૫

ભિલોડામાં સ્ટેમ્પ વેન્ડરો ધ્વારા ઈ-સ્ટેમ્પના વિરોધમાં ઈન્ચાર્જ મામલતદાર સંજયભાઈ પટેલને સ્ટેમ્પ વેન્ડરો ધ્વારા આવેદનપત્ર અપાયું હતું. ઈ-સ્ટેમ્પ શરૂ કરવાના રાજ્ય સરકારના પરિપત્ર બાદ સ્ટેમ્પ વેન્ડરોની રોજી રોટી છીનવાઈ જશે તેવી ભીતિ સ્ટેમ્પ વેન્ડરોમાં સેવાઈ રહી છે. ભિલોડાના સ્ટેમ્પ વેન્ડર શાંમળભાઈ પટેલ, હસમુખભાઈ ચૌહાણ, યતિશભાઈ પ્રજાપતિ, અમૃતભાઈ અસારી,કાંતીભાઈ કોટવાલ, પ્રતિકભાઈ ચૌહાણએ આવેદનપત્રમાં લેખિતમાં જણાવ્યું હતું કે ૧ લી ઓક્ટોબરથી જુના પ્રિન્ટેડ સ્ટેમ્પ બંધ કરવા અને નવા ઈ-સ્ટેમ્પ શરૂ કરવા સંદર્ભે રાજ્ય સરકારે પરિપત્ર જાહેર કર્યા બાદ સ્ટેમ્પ વેન્ડરોની રોજીરોટી છીનવાઈ જશે તેમ જણાવ્યું હતું. ઈ-સ્ટેમ્પીંગની જટીલ પ્રક્રિયામાંથી પ્રજાજનોને પસાર થવું પડશે ત્યારે ભારે હાલાકીનો સામનો કરવો પડશે તેમ જણાવ્યું હતું. રાજ્ય સરકાર ધ્વારા સ્ટેમ્પ પેપરનું ખાનગીકરણ કરાયું છે.



## વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ જિલ્લાનો અભ્યાસ વર્ગ ડીસામાં યોજાયો



ડીસા, તા. ૨૫

વિવિધ સેવાકીય સંગઠનો તેમજ રાષ્ટ્રવાદી વિચારો ધરાવતા સંગઠનોની જેમ વિશ્વ હિન્દુ પરિષદ પણ એક રાષ્ટ્રવાદી વિચારધારા ધરાવતું સામાજિક સેવાકીય સંગઠન છે. જેનો બે દિવસનો કાર્યકર્તા અભ્યાસ વર્ગ ડીસામાં રાખવામાં આવ્યો હતો. જેની અંદર વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળના જિલ્લાના પદાધિકારીઓ, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહીને જરૂરી માર્ગદર્શન મેળવ્યું હતું.

આ કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ બનાસકાંઠા જિલ્લાના વિવિધ પદાધિકારીઓ સાથે ગુજરાત પ્રાંત સહમંત્રી કિર્તીભાઈ મહેતા, પ્રાંત ધર્માચાર્ય સંપર્કના ધીરુભાઈ કપુરીયા, બનાસકાંઠા જિલ્લા અધ્યક્ષ ભગવાનભાઈ ચડોખીયા, જીલ્લા મહામંત્રી રણમલભાઈ સોલંકી, પ્રખંડ ઉ.પ્ર. બનાસકાંઠા કાંતિભાઈ પુરોહિત, જીલ્લા ઉ.પ્ર. અશોકભાઈ ખત્રી, માતૃશકિત સંયોજીકા શ્રીમતી કેસરબેન જોષી તેમજ ડીસા પ્રખંડ પ્રમુખ જયેશભાઈ દેસાઈ, મહામંત્રી મહેન્દ્રભાઈ માળી સહિત વિવિધ તાલુકાના પ્રખંડ પ્રમુખ મંત્રીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહીને આવનારા સમયમાં આવનાર વિવિધ કાર્યક્રમો અને પરિસ્થિતિ બાબતે માર્ગદર્શન મેળવ્યું હતું.

## મોડાસાના ગ્રામ્ય વિસ્તારોમાં "આર એન્ડ બી વિભાગ હાય હાય"ના નારા સાથે સરડોઈ પાસે ચક્કાજામ

મોડાસા, તા. ૨૫

મોડાસા તાલુકાના રખિયાલ, સરડોઈ અને શામપુર તરફ જવાનો રોડ બિસ્માર હાલતમાં અને ખખડધજ બનતા છેલ્લા ઘણા સમયથી રોડ પર ગાબડાં પડતાં રોડ પરથી પસાર થતા વાહનચાલકો તેમજ સ્થાનિકોને અનેક સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે અને વારંવાર લોકોને અકસ્માતનો ભોગ બનવું પડી રહ્યું છે. સરડોઈ નજીક ગ્રામજનોએ રોડ પર બેસી જઈ અને રોડ પર વાહનોનો ખડકલો કરી દઈ "આર.એન્ડ.બી વિભાગ હાય હાય"ના નારા લગાવી તંત્રને ઢંઢોળવાનો પ્રયત્ન કર્યો હતો. રોડ પર પડેલા ખાડાઓનું સમારકામ અને નવીનીકરણની માંગ કરી હતી. પોલીસતંત્ર ઘટનાસ્થળે પહોંચી ચક્કાજામ દૂર કર્યો હતો.

મોડાસા તાલુકાના સરડોઈ, રખિયાલ, શામપુર, દાવલી સહિતના ગ્રામ્ય વિસ્તારને જોડાતો રોડ છેલ્લા એક વર્ષે કરતા વધારે સમયથી બિસ્માર હાલતમાં છે. આ રોડ પર અનેક ગામો આવેલા છે અને પરિવહન માટે મુખ્ય માર્ગ ગણાય છે અને રોડ પર ઠેક ઠેકાણે કપચા નીકળી ગયા છે. તો સરડોઈથી રખિયાલ તરફના રોડ પર બાવળથી અડધો રોડ ઢંકાઈ ગયો છે અને વાહનચાલકોને ભારે હાલાકી ભોગવી પડી રહી છે તેમજ વાહનચાલકોને છાશવારે અકસ્માતનો ભોગ બનવું પડી રહ્યું છે. ત્યારે આ અંગે સ્થાનિકોએ તંત્રને અનેકવાર મૌખિક રજૂઆત કરવા છતા કોઈ પ્રકારની કામગીરી નહિ થતા તંત્રની કામગીરી અંગે અનેક સવાલો ખડા થયા છે.

તત્ત્વ ઈન્સ્ટિટ્યૂટ કેમ્પસના ડાઈરેક્ટર અને કોંગ્રેસ પ્રદેશ મંત્રી જયદત્તસિંહ પુવારના જણાવ્યા અનુસાર આ રોડની સમસ્યા અંગે જવાબદાર તંત્રને અનેકવાર રજુઆત કરી છે અને આના લીધે રોડ પર આવેલ અનેક ગામોના લોકોને ભારે હાલાકી ભોગવી પડી રહી છે અને સત્વરે આ ગંભીર સમસ્યાનો ઉકેલ લાવવા માટે માંગ કરી હોવા છતાં પ્રજાજનોની સમસ્યાનું નિરાકરણ ન આવતા ન છૂટકે ચક્કાજામ કરી ગાઢ નિંદ્રામાં પોઢેલા તંત્રને જગાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જવાબદાર તંત્ર યોગ્ય કાર્યવાહી નહિ કરે તો આગામી સમયમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવું પડશે.



## બનાસકાંઠામાં વડગામ ખાતેથી શાળા સલામતી સપ્તાહની ઉજવણીનો આરંભ

### કુદરતી આફતોમાં જાનમાલના નુકશાનને અટકાવવાનો આશય

ડીસા, તા. ૨૫

કુદરતી આફતો સમયે રાખવાની તકેદારીથી શાળામાં ભણતા બાળકોને વાકેફ કરવા બનાસકાંઠા જિલ્લામાં તાલુકા મથક વડગામ ખાતેથી શાળા સલામતી સપ્તાહની ઉજવણીનો શુભારંભ કરાયો છે.

ગુજરાત સરકાર દ્વારા બનાસકાંઠા જિલ્લામાં વડગામથી શાળા સલામતી સપ્તાહની શરૂઆત કરવામાં આવી. જેમાં એસ.ડી. આર.એફ. મડાણા, આપદા મિત્રો, ફાયરબ્રિગેડના જવાનો દ્વારા શાળાના બાળકોને વિવિધ સાધનોની જાણકારી આપી કુદરતી આફતો કે હોનારતો વખતે કેવી રીતે પોતાનો જીવ બચાવી શકાય જેવી અનેક જાણકારીઓ પ્રેક્ટિકલ નિદર્શન દ્વારા આપવામાં આવી હતી. જેનાથી બાળકો પણ પ્રભાવિત થઈ ઉઠ્યા હતા. આ ઘનિષ્ઠ તાલીમનું તમામ આયોજન કલેકટર ઓફીસ બ.કા. ડિઝાસ્ટર શાખા દ્વારા કરવામાં આવ્યું હતું. તાલુકા શિક્ષણાઅધિકારી જી.એન. દેશમુખ, બી.આર.સી. મહેન્દ્રસિંહ બારડ, સરપંચ ભગવાનસિંહ સોલંકી, ડે.સરપંચ પરબતખાન બિહારી, ડે.સરપંચ ભીખાભાઈ પ્રજાપતિ, આચાર્ય રઘુભાઈ જેગોડા ઉપસ્થિત રહ્યા હતા અને આ તાલીમ થકી બાળકો કુદરતી આફતો સમયે થતા જાનમાલના નુકસાનને મહદઅંશે અટકાવી શકશે તેવો આશાવાદ વ્યક્ત કરી વહીવટીતંત્રના આ પ્રયાસને બિરદાવ્યો હતો. શાળા સલામતી સપ્તાહની ઉજવણી અંતર્ગત જીલ્લાની મોટાભાગની શાળામાં બાળકોને આ તાલીમ આપવામાં આવશે તેમ ડિઝાસ્ટર મેનેજમેન્ટના સૂત્રોએ જણાવ્યું હતું.

## ફિલ્ડ રિપોટર્સના ઉપપ્રમુખ સ્વ. વિજય જોશીની પાંચમી માસિક પુણ્યતિથી નિમિત્તે શાળાના છાત્રોને તિથિભોજન અપાયું

પાલનપુર, તા. ૨૫

ફિલ્ડમાં કાર્યરત જાગૃત પત્રકાર મિત્રોના સંગઠન ફિલ્ડ રિપોર્ટર્સ, પાલનપુરના ઉપ પ્રમુખ અને નગરપાલિકાના પૂર્વ કારોબારી ચેરમેન વિજયભાઈ જોશીની ૨૪ સપ્ટેમ્બરે પાંચમી માસિક પુણ્યતિથિ હતી. જે નિમિત્તે ફિલ્ડ રિપોર્ટર્સ પરિવાર દ્વારા પાલનપુર તાલુકાના કુંપર (ભા) ગામે પ્રાથમિક શાળાના બાળકોને તિથિભોજન આપવામાં આવ્યું હતું.




બનાસકાંઠામાં સામાજિક દાયિત્વ નિભાવવાની નેમ સાથે કાર્યરત પત્રકાર મિત્રોના સંગઠન ફિલ્ડ રિપોર્ટર્સ પાલનપુરના ઉપ પ્રમુખ અને નગરપાલિકાના પૂર્વ કારોબારી વિજયભાઈ જોશીના દુઃખદ નિધનને પાંચ માસ પુરા થયા છે. ત્યારે સંગઠનમાં તેમની ખોટ કદાપી પુરી શકાશે નહીં. જેમની ૨૪ સપ્ટેમ્બરે પાંચમી પુણ્યતિથિ હતી. જે નિમિત્તે ફિલ્ડ રિપોર્ટર્સ પરિવાર દ્વારા પાલનપુર તાલુકાના કુંપર (ભા) ગામે પ્રાથમિક શાળાના બાળકોને પુરી-શાક અને દુધ-પાકનું તિથિભોજન આપવામાં આવ્યું હતું.

ફિલ્ડ રિપોર્ટર્સના પ્રમુખ સંજયભાઈ જોશી, મહામંત્રી મોંઘજીભાઈ ચૌધરી સહિત ઉપસ્થિત તમામ સભ્યોએ સ્વ. વિજયભાઈ જોશીને પુષ્પાંજલિ અર્પી હતી. અને બાળકો સાથે બે મિનિટનું મૌન પાળી સ્વ.વિજયભાઈ જોશીની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. જ્યાં શાળાના આચાર્ય શૈલેષભાઈ પ્રજાપતિ, શિક્ષક મોતીભાઈ પગી સહિત સ્ટાફગણ ઉપસ્થિત રહયો હતો.

## દાહોદની આદિવાસી મહિલાને એસ.ટી. બસમાં જ પ્રસુતિ કરાવીને સારવાર અપાવાઈ

વડગામ, તા. ૨૫

પાલનપુર ડીવીઝનમાં આવતાં સિધ્ધપુર ડેપોની મેતા સુરત પર્વત પાટીયા એસ.ટી. બસના ડ્રાઈવર કંડકટર દ્વારા એક આદિવાસી મહિલાને આંગણવાડી બહેનના સહયોગથી એસ.ટી. બસમાં જ પ્રસુતિ કરાવીને સાચા અર્થમાં એસ.ટી. નિગમના "બસ અમારી સલામતી" તમારી સુત્રને સાર્થક કરી એસ.ટી. નિગમના કર્મચારી દ્વારા નિગમની પ્રતિષ્ઠામાં પીંછું ઉમેરીને ચાર ચાંદ લગાવતા ચોમેર પ્રસંશા થઈ રહી છે.



આ સમગ્ર ઘટનાની વિગત એવી છે કે સિધ્ધપુર ડેપોની એસ.ટી. મેતા સુરત પર્વત પાટીયા બસ મેતાથી સુરત જઈ રહી તે સમયે દાહોદ તાલુકાના ખરોડ ગામની આદિવાસી મહિલા હંસાબેન રાકેશભાઈ મીનાને અમદાવાદ નજીક અડાલજ પાસે પ્રસુતિની પીડા ઉપડતાં બસના ડ્રાઈવર મહેબુબભાઈ મકરાણી તેમજ કંડકટર મનોજભાઈ પટેલ દ્વારા સમય સુચકતા વાપરીને એસ.ટી. બસને સવારે દસ વાગ્યાના સુમારે અડાલજ ચોકડી નજીક સાઈડમાં ઉભી કરીને એસ.ટી. બસમાં બેઠેલા તમામ મુસાફરોને નીચે ઉતારીને આજ બસમાં મુસાફરી કરી રહેલા સાબરમતીના આંગણવાડી કાર્યકર (યશોદામાતા) હેમલતાબેન સુરેશભાઈ પરમારના સહયોગથી નોર્મલ પ્રસુતિ કરાવતા બાળકનો જન્મ થયો હતો. ડ્રાયવર કંડકટર દ્વારા તાત્કાલિક ૧૦૮ વાનને ફોન કરતા ગોતા (અમદાવાદ) સેન્ટરની ૧૦૮ તાબડતોડ ઘટનાસ્થળે આવી પહોંચી હતી અને પ્રસુતા મહિલાને પ્રાથમિક સારવાર આપીને સોલા હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાઈ હતી. આમ એસ.ટી. બસના ડ્રાઈવર કંડકટરે સાચા અર્થમાં "એસ.ટી.બસ.અમારી સલામતી તમારી" સુત્રને સાચા અર્થમાં સાર્થક કરી બતાવ્યું હતું. જ્યારે એક આંગણવાડી કાર્યકર બહેન સાચા અર્થમાં "યશોદામાતા" બનીને આદીવાસી મહિલાને એસ.ટી. બસમા નોર્મલ પ્રસુતિ કરાવતા બાબાનો જન્મ થતાં આદીવાસી મહિલાના પરિવારજનોમાં આનંદ છવાયો હતો.

## મુનાઈ ગામની પરણીતા દ્વારા સાસરીયાઓ વિરૂદ્ધ પોલીસ ફરીયાદ

ભિલોડા તાલુકાના મુનાઈ ગામની પરણીતાને સાસરીયાઓ ધ્વારા વારંવાર શારીરીક,માનસીક ત્રાસ ગુજારી દહેજની માંગણી કરતા સાસરીયાઓ વિરૂધ્ધ પરણીત મહિલાએ દહેજ પ્રતિબંધક ધારા મુજબ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસએ સાસરીયાઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. મુનાઈ ગામના પારૂલબેન તરારના ૯ વર્ષના લગ્ન જીવન દરમ્યાન બે સંતાનો છે. પરણીતાને પતીએ કહ્યું કે તુ મને ગમતી નથી તેમ કહી ઘરના કામકાજ દરમ્યાન મહેણાં-ટોણાં મારી ત્રાસ આપતા હોઈ તેઓનું ઉપરાણું લઈ પરણીતાના સાસુ, સસરા પતીને ચડામણી કરીને કહ્યું કે તારા બાપના ઘરેથી બે લાખ લઈ આવ તેમ કહી વારંવાર દહેજની માંગણી કરીને સાસરીયાઓએ પરણીતાને પહેરેલા કપડાએ કાઢી મુકી હતી.

## વડગામ માર્કેટયાર્ડના વેપારીઓ તાલુકાની સુખાકારી માટે અંબાજી પગપાળા નિકળ્યા

વડગામમાં આવેલ લાલજીમામા માર્કેટયાર્ડના ચેરમેન કે. પી. ચૌધરી તેમજ માર્કેટયાર્ડના વેપારીઓ દર વર્ષે મા અંબાના ધામમાં પગપાળા ચાલતા અંબાજી જઈને વડગામની સુખાકારી માટે પ્રાર્થના કરતા રહ્યા છે. વડગામના લાલજીમામા માર્કેટયાર્ડના ચેરમેન દ્વારા સંઘને લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. માર્કેટયાર્ડના વેપારી બંધુઓ સંઘ સાથે મા અંબાના ધામમાં જવા નિકળ્યા હતા જેમાં વડગામ માર્કેટયાર્ડના સેક્રેટરી માધજીભાઈ ધુળીયા માર્કેટયાર્ડના કેટલાક સદસ્યઓ, વેપારીઓ પદયાત્રીઓ જોડાયા હતા.



## પાલનપુરના નગરસેવકની દબંગાઈનો વિડીયો વાયરલ થતાં ચકચાર

### સ્થાનિક વોર્ડના નાગરીકે રોડ મામલે રજૂઆત કરતા જીવલેણ હુમલો કરાયો

પાલનપુર, તા. ૨૫

પાલનપુર નગરપાલિકાના ભાજપના કોર્પોરેટરનો દબંગાઈનો વિડીયો વાયરલ થતાં ચકચાર મચી જવા પામી છે. સ્થાનિક વોર્ડના નાગરીકે રોડ મામલે રજૂઆત કરતા ભાજપના આ નગરસેવકે તેના ભાઈ સાથે મળી મોડીરાત્રે ગડદાપાટુ વડે જીવલેણ હુમલો કર્યો હતો. આ અંગે ઈજાગ્રસ્તએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે.

પાલનપુર નગરપાલિકાના ખાડે ગયેલા વહીવટને કારણે પ્રજાજનો ભારે હાલાકીઓ ભોગવી રહ્યા છે. શહેરના મોટાભાગના માર્ગો પાઈપલાઈન માટે આડેધડ ખોદી નાંખ્યા બાદ તેનું સમારકામ કરવામાં આવ્યું નથી. આ માર્ગો ભારે વરસાદના પગલે બીસ્માર થઈ ગયા છે. આ ઉપરાંત સફાઈના અભાવે ઠેર ઠેર ગંદકી અને તેના કારણે ડેન્ગ્યુ સહિતની બીમારીઓએ માથું ઊંચક્યું છે. લોકો જાયે તો જાયે કહા જેવી સ્થિતિમાં મુકાઈ ગયા છે. વારંવારની રજૂઆતો છતાં કોઈ કામગીરી થતી નથી. આવી સ્થિતિમાં માર્ગ અને કહેવા જતાં એક નાગરિકને ભાજપના કોર્પોરેટરનો કડવો અનુભવ થવા પામ્યો હતો. જેનો વિડીયો વાયરલ થવા પામ્યો છે. આ વિડિયોમાં ભાજપના નગરસેવક વિપુલ રાવલ અને તેના ભાઈએ મયુર ઠાકર નામના વ્યક્તિને મોડી રાત્રે ગડદાપાટુનો માર મારતા દેખાઈ રહ્યા છે. બીજી તરફ ઈજાગ્રસ્ત મયુર ઠાકરે પોતાની ઉપર જીવલેણ હુમલો કરનારા નગરસેવક અને તેના ભાઈ સામે પાલનપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે.

**ભાજપની શિસ્તના લીરેલીરા**

ભારતીય જનતા પાર્ટીમાં શિસ્તને ખૂબ મહત્વ આપવામાં આવે છે. જોકે, પક્ષના અને મોવડીઓના નામથી ચૂંટાઈ આવેલા કેટલાક સભ્યો જાણે પાર્ટીને પોતાની જાગીર સમજી લીધી હોય તેમ પાલનપુર જ નહીં અન્ય શહેરોમાં પણ આમ પ્રજા સાથે તોછડાઈથી વર્તી લોકોને જાહેરમાં માર મરવાના બનાવો વધી રહ્યા છે. જેનાથી સરવાળે તો ભારતીય જનતા પાર્ટીને જ નુકશાન થઈ રહ્યું છે. પાલનપુર નગરપાલિકાના ભુર્ગભ ગટર કમિટીના ચેરમેન વિપુલ રાવલે પણ જાહેરમાં મારામારી કરી પાર્ટીની શિસ્તના લીરેલીરા ઉડાવ્યા છે. ત્યારે શિસ્તને વરેલી પાર્ટીના મોવડી મંડળે તેની ગંભીર નોંધ લઈ આવા દબંગ છાપ કાર્યકરો, સભ્યોને પક્ષમાંથી રૂક્ષત કરવા જોઈએ તેવી પણ માંગ ઉઠવા પામી છે.

**કામ બાકી રહેતા લોકો જેમ તેમ બોલતા હતા : વિપુલ રાવલ (નગરપાલિકા, પાલનપુર)**

અમારા વોર્ડમાં રોડનું કામ શરૂ કરાયું છે. જોકે, મટેરિયલના અભાવે થોડું બાકી રહી ગયું હતું. જે સોમવારે શરૂ કરવાનું છે. જોકે, આ કામ બાબતે કેટલાક લોકો ઉશ્કેરાઈ ને મને જેમ તેમ બોલ્યા હતા.